# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંતર્ગત ખેડૂત શિબિર યોજાઈ.

પંચમહાલ જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈપાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના રજાયતા ગામ ખાતે તા.૦૪/૦૮/૨૦૧૮ ના રોજ મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંગે ખેડૂત શિબિર તથા ફિલ્ડ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા રજાયતા ગામ ખાતે ખેડૂત શિબિર અને ફિલ્ડ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૫૩ જેટલાટ્રાઇબલ વિસ્તારના આદિજાતિના ખેડૂત-મિત્રોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો.આ તાલીમ કાર્યક્રમમાં કેન્દ્રના યુનિટ હેડ અને સહસંશોધન વૈજ્ઞાનિક ડૉએમ.બી.પટેલ એ મકાઈની મુલ્ય વર્ધિત,સંયોજિત અને સંકરજાતોવિષે તેમજ મકાઈમાં બીજ ઉત્પાદન અને સીડ વિલેજ પ્રોગ્રામનીમાહિતી આપેલ હતી.

પ્રો.કે.એચ.પટેલે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો) દ્વારા મકાઈની વૈજ્ઞાનિક અને નફાકારક ખેતી પદ્ધતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી તેમજ નીંદામણ નિયંત્રણ અને રસાયણિક ખાતરના વપરાશ અંગે વિસ્તૃતમાં માહિતી આપી.

ડો.એસ.કે.સિંઘ,મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (પ્લાન્ટ પેથો) દ્વારા મકાઇના પાકમાં આવતા વિવિધ રોગો અને જીવાતો વિષે અને તેના નિયંત્રણ માટે દવાના ઉપયોગ અંગે વિસ્તૃતમાં માહિતી આપી. અને મકાઇ પાકમાં આવતા રોગોના લક્ષણોના જીવંત નમૂના પણ બતાવેલ હતા.

પ્રો.ડી.એમ.રાઠોડ,મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.ડી.એમ.રાઠોડે કરેલ હતું અને ખેડૂત મિત્રો ના પ્રશ્નોનું પણ નિરાકરણ કરવામાં આવેલ હતું.





ખેડૂત તાલીમ શિબિર અને ફિલ્ડ વિઝીટ

ગામ:- રજાયતા, તાલુકો:- મોરવા હડફ, જિલ્લો:-પંચમહાલ